# Parliamentary Delegation from Mongolia calls on the President

December 01, 2021

# મોંગોલિયાના પ્રતિનિધિમંડળની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

ડિસેમ્બર 01, 2021

મોંગોલિયાના સ્ટેટ ગ્રેટ હ્યુરલના અધ્યક્ષ ગોમ્બોજવ ઝંડનશાતરેના નેતૃત્વ હેઠળ મોંગોલિયાના સંસદીય પ્રતિનિધિમંડળે આજે (1 ડિસેમ્બર, 2021) રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી.

ભારતમાં પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું કે ભારત અને મોંગોલિયા સંસ્કૃતિ, ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. લોકશાહી અને સ્વતંત્રતાના સમાન મૂલ્યો અને આદર્શો આપણા સંબંધોને મજબૂત બનાવે છે. મોંગોલિયાના 'ત્રીજા પાડોશી' અને 'આધ્યાત્મિક પાડોશી' તરીકે, ભારત મોંગોલિયા સાથે તેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા સતત સહકારની અપેક્ષા રાખે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ મુલાકાત આપણા દ્વિપક્ષીય સંબંધોમાં વધારે ગતિશીલતા ઉમેરશે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે બૌદ્ધ ધર્મ એ ભારત અને મોંગોલિયા વચ્ચે એક ખાસ જોડાણ છે. તેમણે નોંધ્યું હતું કે ભારતના હસ્તપ્રતો માટેના રાષ્ટ્રીય મિશને મોંગોલિયન કાંજુર હસ્તપ્રતોનું મુદ્રણ હાથ ધર્યું છે. તેમણે એ બાબતની પણ નોંધ કરી હતી કે ભારત ગંડન મઠમાં બૌદ્ધ હસ્તપ્રતોના ડિજિટાઈઝેશન માટે સહાયતા આપી રહ્યું છે.

આબોહવા પરિવર્તનના વૈશ્વિક મુદ્દા વિશે વાત કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આબોહવા પરિવર્તનની અસર ખાસ કરીને આપણા જેવા વિકાસશીલ દેશો પર વધુ પડશે. આ પડકારનો સામનો કરવા માટે આપણે સાથે મળીને કામ કરીએ તે આવશ્યક છે. મોંગોલિયાએ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સમાં જોડાવાનો નિર્ણય કર્યો છે તે બાબતે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

મોંગોલિયામાં ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસલક્ષી પ્રોજેક્ટો વિશે વાત કરતા રાષ્ટ્રપતિએ મોંગોલિયામાં ઓઈલ રિફાઈનરી પ્રોજેક્ટ પરની પ્રગતિની નોંધ લઈને ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ ભારત-મોંગોલિયા મજબૂત સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારીનું પ્રતીક છે. ભારત તેને સમયસર પૂર્ણ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે કારણ કે તે મોંગોલિયાની ઉર્જા સુરક્ષાને મોટા પ્રમાણમાં વધારશે, એમ તેમણે ઉમેર્યું હતું.

કોવિડ-19ના પડકારોનો સામનો કરવા માટે ભારત અને મોંગોલિયા વચ્ચેના સહકાર તરફ નિર્દેશ કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે અમે મોંગોલિયા સરકાર દ્વારા કોવિડની બીજી લહેરમાં અમને આપવામાં આવેલ સમયસર અને મૂલ્યવાન સમર્થનની પ્રશંસા કરીએ છીએ. તેમણે એ વાત પર પણ ખુશી વ્યક્ત કરી કે ભારત રસી અને દવાઓના સપ્લાય દ્વારા મોંગોલિયાને મદદ કરી શકે છે.

**નવી દિલ્હી**
**ડિસેમ્બર 01, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.